

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 239
Dt.: 04-07-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### ગુજરાતમાં આતંકી નેટવર્કની કોશિશ નિષ્ફળ

# ATSના હાથે જૈશ-એ-મોહમ્મદના આઠ આતંકવાદીઓ ઝડપાઈ ગયા

## ગુજરાત અને મધ્યપ્રદેશના અલગ-અલગ જિલ્લાઓમાંથી આ આતંકીઓ ઝડપાયા: આરોપીઓ પોતાનું સક્રિય નેટવર્ક ઊભું કરવાનું કામ કરી રહ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાત ATSને એક સૌથી મોટી સફળતા મેળવી છે. પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલા ૮ ખતરનાક આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા કરવામાં આવેલી આ સંયુક્ત કાર્યવાહીમાં ગુજરાત અને મધ્યપ્રદેશના અલગ-અલગ જિલ્લાઓમાંથી આ આતંકીઓને દબોચી લેવામાં આવ્યા છે. ગુજરાતમાં જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવા માટે આતંકવાદીઓ કામગીરી કરી રહ્યા હતાં. ગુજરાત એટીએસ દ્વારા પૂછપરછ દરમિયાન જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવા માટે આતંકવાદીઓ કામગીરી કરી રહ્યા હોવાનો ખુલાસો થયો છે. દેશની આંતરિક સુરક્ષાને લઈને અમદાવાદ ATS(એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ) અને ગુજરાત પોલીસ દ્વારા એક અત્યંત મોટું અને મહત્વપૂર્ણ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. કથિત રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય એવા કુખ્યાત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે જોડાયેલા ૮ સક્રિય લોકોની સુરક્ષા એજન્સીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આ ઓપરેશન અંતર્ગત કનેક્શન ધરાવતા શખ્સોની ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને મધ્ય પ્રદેશમાંથી અટકાયત કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, પકડાયેલા તમામ લોકો દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકી સંગઠન સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા હતા. આ નેટવર્કનો પર્દાફાશ કરવા માટે ગુજરાત અને મધ્ય પ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. પકડાયેલા તમામ શખ્સો સામે આતંકી મોડ્યુલનો હિસ્સો હોવાની આશંકા હેઠળ કાયદેસરની વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ATS ઓપરેશન દરમિયાન ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પાલનપુર (ભાગલ) ખાતેથી ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ૧૯ વર્ષીય અહેમદ અબ્દુલ્લા ગાજીવાલા ઉર્ફે અબુ ઉબૈદા, ૩૦ વર્ષીય ઈબ્રાહિમ મોહમ્મદ હુસેન ઘાઘા ઉર્ફે અબુ હમઝા અને ૨૨ વર્ષીય મુદસિર અબ્દુલ્લા ગાઝીવાલા ઉર્ફે અબુ અયાનો સમાવેશ થાય છે. પાલનપુર પંથકમાંથી એકસાથે ત્રણ લોકો પકડાતા સ્થાનિક સ્તરે પણ ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, પકડાયેલા આ તમામ ૮



આરોપીઓ ગુજરાત રાજ્યમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે સક્રિયપણે પોતાનું નેટવર્ક મજબૂત કરી રહ્યા હતા. તેઓ રાજ્યમાં શાંતિ અને સુરક્ષાને ડહોળવાનું મોટું કાવતરું ઘડી રહ્યા હતા. જોકે, ગુજરાત ATSની સતર્કતાને કારણે આ આતંકીઓના મનસૂબા પર પાણી ફરી વળ્યું છે. સમયસર થયેલી આ ધરપકડને કારણે રાજ્યમાં થનારા સંભવિત મોટા આતંકવાદી હુમલા કે દુર્ઘટનાની આશંકા ટળી ગઈ છે.

ધરપકડ કરાયેલા આરોપીઓના નામ

૧. અહેમદ અબ્દુલ્લા ગાજીવાલા ઉર્ફે અબુ ઉબૈદા (૧૯ વર્ષ) – રહે. ભાગળ, પાલનપુર, બનાસકાંઠા

૨. ઈબ્રાહીમ મોહમ્મદ હુસેન ઘાઘા ઉર્ફે અબુ હમઝા (૩૦ વર્ષ) – રહે. ભાગળ, પાલનપુર, બનાસકાંઠા

૩. મુદસ્સીર અબ્દુલ્લા ગાજીવાલા ઉર્ફે અબુ અયા (૨૨ વર્ષ) – રહે. ભાગળ, પાલનપુર, બનાસકાંઠા

૪. ઝકરિયા દુર્રાની મોહમ્મદ અમ્માર ઘાઘા ઉર્ફે ઈબ્ને અમ્માર ઉર્ફે ઝકરિયા પાલનપુરી (૨૧ વર્ષ) – રહે. જામિયા અબુલ હસન મદ્રેસા, ખડીયાસણા, સિદ્ધપુર, પાટણ

૫. મુફતી ફૌજાન ઈસ્માઈલ દાવુવા ઉર્ફે મુફતી સાહબ (૪૦ વર્ષ) – રહે. જામિયા અબુલ હસન મદ્રેસા, ખડીયાસણા, સિદ્ધપુર, પાટણ

૬. મોહમ્મદ અમીન શેરા ઉર્ફે અમીન પાલનપુરી (૨૧ વર્ષ) – રહે. જામિયા અબુલ હસન મદ્રેસા, ખડીયાસણા, સિદ્ધપુર, પાટણ

૭. મોહમ્મદ અબ્દુલ રહમાન સાવદી ઉર્ફે મોહમ્મદ પાલનપુરી ઉર્ફે અબુ ઉનીસા (૨૨ વર્ષ) – રહે. જામિયા રહમાનિયા ખાંભિયા, અંભેટા, ચીખલી, નવસારી

૮. બિલાલ દુર્રાની મોહમ્મદ અમ્માર ઘાઘા ઉર્ફે અબુ દુજાના ઉર્ફે અબુ સુફિયાન ઉર્ફે અબુ જુન્દાલ ઉર્ફે ઉમર બિન ખત્તાબ (૧૮ વર્ષ) – રહે. વારસી નગર, દેવાસ, મધ્ય પ્રદેશ

આ તમામ શખ્સો સામે દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી નેટવર્ક સાથે જોડાયેલા હોવાના ગંભીર આરોપો હેઠળ એટીએસ દ્વારા આગળની કાયદેસરની તપાસ અને સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

તપાસ દરમિયાન સુરક્ષા એજન્સીઓને આરોપીઓ પાસેથી મોટી માત્રામાં દેશ વિરોધી સાહિત્ય અને અન્ય સંદિગ્ધ સામગ્રી મળી આવી છે. આ સામગ્રીઓ પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ કયા પ્રકારના આતંકવાદી ષડયંત્રને અંજામ આપવાની તૈયારીમાં હતા. હાલમાં ATS આ જપ્ત કરાયેલી સામગ્રીનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરી રહી છે.

ATS હવે આ આરોપીઓના નેટવર્કને તોડવા માટે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

મુખ્યત્વે એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે આ આતંકીઓ દેશ-વિદેશમાં કોના કોના સંપર્કમાં હતા અને તેમને આ કામગીરી માટે ક્યાંથી સૂચનાઓ મળતી હતી. આ ધરપકડ બાદ અનેક ચોંકાવનારા ખુલાસાઓ થવાની શક્યતા છે.

### ઈ-રિક્ષા ચાલકો માટે રાહતના સમાચાર

# ચાઈનીઝ 'BAT BMS' એપ પર સરકારે લીધું મોટું એક્શન

## હવે સરકારે કાર્યવાહી કરતા આ એપ પર પ્રતિબંધ લગાવી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

BAT BMS App ખૂબ ચર્ચામાં છે, કારણ કે તે ચાઈનીસ એપ છે, જેના કારણે કેટલાક ઈ રિક્ષા ચાલકો પરેશાન થઈ રહ્યાં હતા. છેલ્લા કેટલાક દિવસમાં સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાયરલ થયાં છે જેમાં દેખાડવામાં આવ્યું કે લોકો કઈ રીતે આ ચીની એપની મદદથી ઈ-રિક્ષાને ચાલતા-ચાલતા રસ્તામાં અચાનકથી બંધ કરી રહી છે. આ એપ એટલી વાયરલ થઈ ગઈ કે હવે સરકારની નજર આ મુદ્દા પર પડી છે.

સરકારે એપને લઈને મોટું પગલું ભર્યું છે. આઈટી મંત્રાલયે BAT BMS એપને Google Play Store અને Apple App Store માંથી હટાવવાનો નિર્દેશ કર્યો છે. સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી ઈ-રિક્ષા ચાલકોને રાહત મળી છે, કારણ કે આ પ્રકારની ઘટનાઓમાં હવે લગામ લાગશે અને લોકો મસ્તીના ચક્કરમાં કોઈ ઈ-રિક્ષા ચાલકને પરેશાન કરી શકશે નહીં.

સુરક્ષા અને ડેટા સંરક્ષણ એટલે કે એપની સુરક્ષાના પાસાની સમીક્ષા કર્યા બાદ સરકારે આ મામલામાં મોટું પગલું ભર્યું છે. સમીક્ષા કર્યા બાદ આ ચીની એપ પર કાર્યવાહી થઈ છે, આ એપ દ્વારા કેટલાક લોકો મસ્તી કરવા માટે વચ્ચે રસ્તામાં ઈ રિક્ષાને અચાનક રોકી રહ્યાં હતા. તેનાથી ન માત્ર ઈ રિક્ષા ચાલકોને પરેશાની થઈ રહી છે, પરંતુ અચાનક રોકાવાને કારણે અકસ્માત પણ થઈ શકતો હતો.

એપ પર કાર્યવાહી એટલા માટે કરવામાં આવી કારણ કે સરકારનું સંપૂર્ણ ધ્યાન વિશ્વાસપાત્ર અને સુરક્ષિત ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા પર છે, ન કે એવી કોઈ તકનીક પર જે કોઈ માટે મુશ્કેલી કે પરેશાની ઉભી કરે.

Shenzhen Grenergy Technology દ્વારા આ ચાઈનીઝ એપને તૈયાર કરવામાં આવી હતી. આ એપ બ્લૂટૂથ ઈનેબલ્ડ લિથિયમ બેટરીના ચાર્જ, હેલ્થ, તાપમાન અને વોલ્ટેજને વાયરલેસ રીતે મોનિટર કરવામાં મદદ કરતી હતી.

### હવે વાલીઓએ આપવો પડશે સાથ !

# CBSEનો નવો નિયમ, ૨૦૨૬-૨૭ માટે નવું પેરેન્ટિંગ કેલેન્ડર લોન્ચ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટે 'પેરેન્ટિંગ કેલેન્ડર' લોન્ચ કરવામાં આવ્યું છે. આ નવી પહેલનો મુખ્ય હેતુ બાળકોને માત્ર ભણતર પૂરતા સીમિત રાખવાનો નથી, પરંતુ તેમનો માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ પણ મજબૂત કરવાનો છે. બોર્ડનું માનવું છે કે જ્યારે શાળા અને પરિવાર બંને સાથે મળીને બાળકો માટે કામ કરશે, ત્યારે તેમનો આત્મવિશ્વાસ વધશે અને શીખવાની ક્ષમતા પણ વધુ સારી બનશે. સીબીએસઈના જણાવ્યા મુજબ, આ પેરેન્ટિંગ કેલેન્ડરની શરૂઆત સત્ર ૨૦૨૫-૨૬માં કરવામાં આવી હતી. તે સમયે શાળાઓ, શિક્ષકો અને વાલીઓ તરફથી આ આયોજનને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. વાલીઓ અને શિક્ષકો પાસેથી મળેલા તે જ ફીડબેકને ધ્યાનમાં રાખીને આ વખતે કેલેન્ડરમાં ઘણા મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે, જેથી આ કેલેન્ડર વાલીઓ માટે વધુ ઉપયોગી અને સરળ બની શકે.નવા કેલેન્ડરમાં એવી ઘણી બધી એક્ટિવિટી સામેલ કરવામાં આવી છે, જેમાં વાલીઓએ પોતે ઉત્સાહપૂર્વક ભાગ લેવો પડશે. આ પ્રવૃત્તિઓનો અસલી હેતુ બાળકોના ભણતરની સાથે તેમની વર્તણૂક, માનસિક સ્વાસ્થ્ય, આત્મવિશ્વાસ અને સામાજિક કૌશલ્યને સુધારવાનો છે. શિક્ષણ બોર્ડ ઈચ્છે છે કે માતા-પિતા માત્ર પરીક્ષા કે રિઝલ્ટના સમયે જ નહીં, પરંતુ આખું વર્ષ બાળકોની શીખવાની આ પ્રક્રિયામાં તેમની સાથે જોડાયેલા રહે.આ વખતના કેલેન્ડરમાં બદલાતા શૈક્ષણિક વાતાવરણ અનુસાર બાળકોને તૈયાર કરવા જેવા વિષયો ઉમેરાયા છે. આ ઉપરાંત, અલગ-અલગ ક્ષમતા ધરાવતા (દિવ્યાંગ કે વિશેષ) બાળકોની જરૂરિયાતોને સમજવા અને તેમને વધુ સારો સહયોગ આપવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

### રામ મંદિર દાન ચોરી મામલે એલાન

# અયોધ્યા જઈને કેસ કરીશ, દિગ્વિજય સિંહનું એલાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

મહિલા કોંગ્રેસના ધરણા પ્રદર્શનમાં સામેલ થયેલા પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે રામ મંદિર આંદોલન અને દાન મુદ્દે ભાજપ અને આરએસએસ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, "હનુમાન ગઢી અને ગોરખનાથ મઠે રામ મંદિરની લડાઈ લડી હતી. ન તો ત્યારે ત્યાં RSS હતું અને ન તો ત્યારે ત્યાં BJP પાર્ટી હતી. ભગવાન રામ પ્રત્યે તેમનો પ્રેમ ત્યારે જાગ્યો જ્યારે તેમના માત્ર ૨ સાંસદો બચ્યા હતા." તેમણે આગળ કહ્યું કે, "આ લોકો ધર્મને વેચીને પોતાની કમાણી કરે છે અને તે કમાણીથી વોટ ખરીદે છે, ધારાસભ્યો ખરીદે છે, સાંસદો ખરીદે છે. આપણા જ ચંદાની ચોરી કરીને તેઓ આ ખરીદી કરી રહ્યા છે. આ મામલામાં ચંપત રાય અને અનિલ મિશ્રાને બચાવવામાં આવી રહ્યા છે. મેં જે દાન આપ્યું છે, જેની આ લોકોએ ચોરી કરી છે, તેના માટે હું મારા વકીલના માધ્યમથી ૫-૬ જુલાઈના રોજ અયોધ્યા જઈને કેસ નોંધાવીશ. રામ મંદિરના દાનમાં કથિત અનિયમિતતાના મુદ્દાને સંબોધતા દિગ્વિજય સિંહે કહ્યું, "તેઓએ અનિલ મિશ્રા અને ચંપત રાયના રાજીનામાની માંગણી કરી હતી, છતાં ખજાનચી મહંત ગોવિંદ ગિરીને પદ છોડવાનું કહેવામાં આવ્યું ન હતું, ન તો ચંપત રાય કે અનિલ મિશ્રા સામે કોઈ FIR નોંધવામાં આવી હતી." તેમણે આગળ કહ્યું, "મારા એક મિત્ર - જે દિલ્હીના એક પ્રખ્યાત ફોજદારી વકીલ છે - એ ફોન કરીને મને કહ્યું, દિગ્વિજય, તમારે તમારા દાન અંગે અયોધ્યા કોર્ટમાં કેસ દાખલ કરવો જોઈએ, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમણે શ્રદ્ધા પર આધારિત કારણ માટે આપવામાં આવેલા ભંડોળનો દુરુપયોગ કર્યો છે. રિફંડની માંગ કરો જેથી તમે પૈસા શંકરાચાર્યના મઠ અથવા રામાલય ટ્રસ્ટમાં જમા કરાવી શકો. હું ૫ કે ૬ તારીખે મારા વકીલને મળીશ, અયોધ્યાની મુલાકાત લઈશ અને દાવો દાખલ કરીશ. હું ખાતરી કરીશ કે આ બધા ટ્રસ્ટીઓને જેલમાં મોકલવામાં આવે." દિગ્વિજય સિંહે તેમના નિવેદનમાં મહાકાલ મંદિરનો પણ ઉલ્લેખ કર્યો હતો. ગેરરિતીનો આરોપ લગાવતા તેમણે કહ્યું, "મહાકાલ મંદિરમાં પણ દાન ઉચાપત થતું હોય તો તેમાં કોઈ નવાઈ નહીં."

### સાયબર ફ્રોડના આરોપીના કેસમાં સુપ્રીમનો નિર્ણય

# ચાર્જશીટની કોપી ન મળી હોવાના આધારે ડીફોલ્ટ જામીન ના મળી શકે: સર્વોચ્ચ અદાલત

## આરોપીને એડિશનલ કોપી તથા અન્ય સંબંદિત દસ્તાવેજો ન મળ્યા હોવાથી તેને કાનૂની રીતે જામીન મેળવવાનો હક છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તપાસ એજન્સીએ ચાર્જશીટની એડિશલ કોપી ફાઈનલ ન કરી હોવાના એક માત્ર કારણસર આરોપીને ડીફોલ્ટ જામીનનો હક મળી જતો નથી. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની જોગવાઈ અંગે સ્પષ્ટતા કરતા સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, ચાર્જશીટને નિયત સમયમર્યાદામાં ફાઈલ કરી દેવાઈ હોય તો આરોપીને ડીફોલ્ટ જામીન આપવા જોઈએ નહીં. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન કે સિંઘની બેન્ચે BNSSની કલમ 187 (3) હેઠળ જામીનના અધિકાર અંગે જણાવ્યું હતું કે, તપાસ એજન્સી દ્વારા 60 અથવા 90 દિવસની નિયત સમયમર્યાદામાં ચાર્જશીટ ફાઈલ ન થઈ શકી હોય તો આરોપીને ડીફોલ્ટ જામીનનો મુદ્દો



ઉપસ્થિત થઈ શકે છે, પરંતુ ચાર્જશીટની નકલ અથવા સંબંદિત દસ્તાવેજ બાદમાં અપાયા હોવાની દલીલના આધારે ડીફોલ્ટ જામીન મળી શકે નહીં. પ્રસ્તુત કેસની વિગતો મુજબ, સીબીઆઈ દ્વારા સાયબર ળોડ અને મ્યુલ એકાઉન્ટ કૌભાંડ સાથે સંકળાયેલા આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ બોમ્બે હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેમાં દલીલ થઈ હતી કે, સીબીઆઈ દ્વારા BNSSની કલમ 193 (8)ની જોગવાઈનું પાલન થયું નથી.આ કલમ અન્વયે તપાસનીશ અધિકારીઓએ પોલીસ રિપોર્ટની એડિશનલ કોપી આરોપીને આપવી જરૂરી છે. આરોપીને એડિશનલ કોપી તથા અન્ય સંબંદિત દસ્તાવેજો ન મળ્યા હોવાથી તેને કાનૂની રીતે જામીન મેળવવાનો હક છે. બોમ્બે હાઈકોર્ટે ડીફોલ્ટ જામીનની અરજી ફગાવી દેતાં આરોપી દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. હાઈકોર્ટના ચુકાદાને ગ્રાહ્ય રાખવાની સાથે સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, BNSSની કલમ 193 (3)ની જરૂરિયાત મુજબ નિયત સમયમર્યાદામાં ચાર્જશીટ ફાઈલ કરી દેવાઈ હોય તો પછી ડીફોલ્ટ જામીનનો અધિકાર રહેતો નથી. કલમ 193 (8) અન્વયે આરોપીને પોલીસ રિપોર્ટની નકલ આપવી જોઈએ, પરંતુ આ પ્રક્રિયા ન થઈ હોવાથી ચાર્જશીટ અમાન્ય બની જતી નથી અને આરોપીને જામીનનો હક મળી જતો નથી.

# બાંગ્લાદેશી યુવકે ગુગલની ૯ કરોડના પેકેજની નોકરી ઠુકરાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બાંગ્લાદેશમાંથી અમેરિકા સ્થાઈ થયેલા યૂસુફ ઈમરાને વર્ષો સુધી સેલ્સની નોકરી કરી હતી. એ પછી ૨૦૨૦માં તે ગૂગલમાં જોડાયો હતો. ગૂગલમાં તે કંપનીઓને ગૂગલના એઆઈ ટૂલ્સ વેચવાનું અને એ કંપનીઓને ટેકનિકલ મદદ કરવાનું કામ કરતો હતો. એ જ અરસામાં તેને એઆઈમાં રસ પડયો હતો. હવે તે ઊંચા પગારની નોકરી મૂકીને પોતે જ એઆઈ સ્ટાર્ટઅપનો માલિક બની ગયો છે.યૂસુફ ઈમરાન બાંગ્લાદેશના રેફ્યૂજી પરિવારમાંથી આવે છે. તે પાંચ વર્ષનો હતો ત્યારે તેનો પરિવાર અમેરિકા સ્થાઈ થયો હતો. તેણે સ્ટડી કરીને પછી સેલ્સની નોકરી શરૂ કરી હતી. ૧૫ વર્ષ સુધી સેલ્સનો અનુભવ લીધા બાદ તેને ગૂગલમાં કામ કરવાની તક મળી હતી. તે ગૂગલમાં અકાઉન્ટ એક્ઝિક્યૂટિવ હતો. ગૂગલના એઆઈ ટૂલ્સ ખરીદતી કંપનીઓ સાથે સોદો કરવાનું અને તેને વેચવાનું કામ તે કરતો હતો. ગૂગલમાં તે વર્ષે ૧૦ લાખ ડોલર એટલે કે અંદાજે ૯.૩ કરોડ રૂપિયાની વાર્ષિક કમાણી કરતો હતો.પણ ગૂગલમાં છટણીનો સિલસિલો ચાલ્યો ને બીજી એઆઈ કંપનીઓએ પણ આ રીતે કર્મચારીઓને કાઢી મૂકવાનું શરૂ કર્યુ પછી યૂસુફને કંઈક જુદું કરવાની ઈચ્છા થઈ.




# તંત્રી લેખ......

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાની ધમાકેદાર શરૂઆત, ખેતરો બેટમાં ફેરવાયાં

ગુજરાતમાં જુલાઈના પ્રારંભે જ મેઘરાજાએ સૌરાષ્ટ્રભરમાં ધમાકેદાર બેટિંગ શરૂ કરી દીધી છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, રાજકોટ, અમરેલી અને ગીર સોમનાથમાં તોફાની વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અવિરત વરસાદના કારણે નદી-નાળા છલકાઈ ગયા છે અને અનેક નીચાણવાળા વિસ્તારો તેમજ ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૫ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની ચેતવણી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં પવનની ગતિ ૪૦થી ૫૦ કિલોમીટર રહેવાની શક્યતા હોવાથી વહીવટી તંત્રને પણ સજ્જ રહેવા આદેશ અપાયા છે. ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ- પ્રભાસપાટણ જોડિયા શહેરમાં મોસમના પ્રથમ વરસાદે જ વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખોલી દીધી છે. શહેરના સટાબજાર, સુભાષ રોડ, ગાંધી રોડ, અમરદીપ હોસ્પિટલ રોડ, એસ.ટી. રોડ, જૈન હોસ્પિટલ રોડ અને હાઉસિંગ સોસાયટી રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા લોકોને ભારે હાલાકી પડી રહી છે. સોમનાથ મંદિરના દિગ્વિજય દ્વાર પાસે પ્રભાસપાટણને જોડતા માર્ગ પર પણ પાણી ભરાતા યાત્રિકો અને સ્થાનિક રહેવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે. વેરાવળના પ્રખ્યાત દુઃખ-દરિદ્ર ભંજન શિવ મંદિરમાં પણ પાણી ઘૂસી ગયા છે.તપેશ્વર મંદિર પાસે આવેલી જયહિંદ શેરીમાં ગટરોની સફાઈ ન થતાં વરસાદી પાણી રહેણાંક વિસ્તારમાં ઘૂસી ગયા હતા. વેરાવળના રેમ્બો સ્કૂલ નજીક માર્ગ પર ભરાયેલા પાણીના કારણે ખુલ્લી ગટર ન દેખાતા બે નાના બાળકોને સાયકલ પર લઈ પસાર થઈ રહેલા એક પિતા અચાનક ગટરમાં ખાબક્યા હતા. સુત્રાપાડાના કનેહર વિસ્તારમાં ખેતરો ચારે તરફ વરસાદી પાણીથી તરબોળ થઈને બેટમાં ફેરવાઈ ગયા છે.

તાલાલામાં ગાળિયાવડ રોડ ઉપર વરસાદ સાથે પવન ફૂંકાતા વૃક્ષની તોતિંગ ડાળ તૂટી પડી હતી, જેના કારણે વીજ પ્રવાહ બંધ કરવો પડ્યો હતો. જૂનાગઢ જિલ્લાના કેશોદ શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. કેશોદની જાણીતી નોળી નદી ભારે પાણીના પ્રવાહને કારણે બે કાંઠે વહેતી થઈ છે, જ્યારે સોંદરડા ગામ ખાતે આવેલો ડેમ સંપૂર્ણ ભરાઈ જતાં ઓવરફ્લો થયો છે.રાજકોટ જિલ્લાના ઉપલેટા શહેરમાં બપોરના ૧૨ વાગ્યા બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. વરસાદ એટલો ધોધમાર હતો કે ૫૫૦૦ મીટર પછીની વિઝિબિલિટી ઘટી ગઈ હતી. ગોંડલ શહેરમાં વરસાદથી ગુંદાળા શેરીમાં પાણી વહેતા થયા હતા, જ્યારે ખોડિયાર નગરના રેલ્વે અંડર બ્રિજમાં પાણી ભરાતા વાહન વ્યવહાર અટવાયો હતો.

# ચુંટણીમાં હરાવી ન શકયા એટલે કોર્ટના રસ્તે હરાવવાનો પ્રયાસ : ચૈતર વસાવા મુદ્દે મુખ્યમંત્રી અને ડે.મુખ્યમંત્રી સામે ગોપાલ ઈટાલીયાના ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજપીપળામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે જોડાયેલા કેસને લઈને ભાજપ સરકાર અને રાજયના ઉચ્ચ નેતાઓ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ચૈતર વસાવાને રાજકીય રીતે નબળા પાડવા અને આદિવાસી સમાજના ઉદયમાન નેતૃત્વને રોકવા માટે તેમને ખોટા કેસોમાં ફસાવવામાં આવ્યા છે.

ગોપાલ ઈટાલીયાએ દાવો કર્યો કે ચૈતર વસાવાની લોકપ્રિયતાના કારણે નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટીને મજબુત રાજકીય આધાર મળ્યો હતો અને સ્થાનિક સ્તરે સત્તા સ્થાપિત કરવામાં સફળતા મળી હતી. તેમણે વધુમાં કહ્યુ હતુ કે રાજકીય રીતે ચૈતર વસાવાને હરાવવામાં નિષ્ફળ ગયા બાદ હવે કાયદાકીય પ્રક્રિયાનો ઉપયોગ કરીને તેમને નિશાન બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ગોપાલ ઈટાલીયાએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૨૨ દરમિયાન ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ દ્વારા ચૈતર વસાવાને ભાજપમાં સામેલ કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો કે જયારે આ પ્રયાસો સફળ થયા નહી અને ચુંટણીમાં પણ ચૈતર વસાવાને હરાવી શકયા નહી, ત્યારબાદ રાજકીય ષડયંત્રના ભાગરૂપે તેમની સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.




ઈટાલીયાના જણાવ્યા અનુસાર ચૈતર વસાવાની લોકપ્રિયતા આદિવાસી વિસ્તારોમાં સતત વધી રહી હતી. તેના કારણે ભાજપ માટે રાજકીય પડકાર ઉભો થયો હતો.

ગોપાલ ઈટાલીયાએ આરોપ લગાવ્યો કે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના ઈશારે કાર્યવાહી કરવામાં આવી હોવાનુ હાઈકોર્ટમાં સરકારી વકીલ દ્વારા જણાવાયુ હોવાનુ તેઓ માને છે. તેમણે કહ્યુ કે આ મુદ્દો ગંભીર છે, કારણ કે જો સરકારના ઉચ્ચસ્તરે સુચનાઓ આપવામાં આવી હોય તો તે ન્યાયતંત્રની સ્વતંત્રતા અંગે અનેક પ્રશ્નો ઉભા કરે છે. ઈટાલીયાએ એવો પણ દાવો કર્યો છે કે ચૈતર વસાવા અને તેમના સમર્થકોને ખોટા કેસોમાં ફસાવવામાં આવ્યા હોવાનુ હવે સ્પષ્ટ થઈ રહ્યુ છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતાઓ કોર્ટની પ્રક્રિયામાં પણ હસ્તક્ષેપ કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે કેસમાં સામેલ દરેક આરોપીની ભુમિકા અલગ હોવાથી અલગ અલગ વકીલો દ્વારા જુદી જુદી અપીલો કરવામાં આવી છે. જે સમગ્ર મામલાની જટીલતાને દર્શાવે છે. તેમણે ઉમેર્યુ કે ચૈતર વસાવા હાલ જેલમાં હોવા છતાં તેઓ તેમના પરીવારજનો અને કાર્યકરો સાથે મુલાકાત દરમિયાન જે સુચનાઓ આપે છે, તેના આધારે પાર્ટી આગામી રાજકીય અને કાનુની વ્યુહરચના તૈયાર કરી રહી છે.

સાંસદ મનસુખ વસાવાના નિવેદનોનો ઉલ્લેખ કરતા ગોપાલ ઈટાલીયાએ કટાક્ષ કરતા કહ્યુ કે સરકારનો કોઈ હાથ નથી એવુ કહેવા કરતા, આમા પાકિસ્તાનનો હાથ છે, એવુ કહી દેવુ જોઈએ, તેમણે કહ્યુ કે જો ખરેખર આ સમગ્ર ઘટનાક્રમમાં સરકારની કોઈ ભુમિકા નથી તો ભાજપના નેતાઓએ સ્પષ્ટતા કરવી જોઈએ અને ચૈતર વસાવાના મામલે ન્યાય સંગત અભિગમ અપનાવવો જોઈએ. ગોપાલ ઈટાલીયાએ વધુમાં જણાવ્યુ કે ચૈતર વસાવાને જેલમાં રાખવાનો હેતુ માત્ર એક રાજકીય નેતાને સજા કરવાનો નથી, પરંતુ સમગ્ર આદિવાસી સમાજના અવાજને દબાવવાનો પ્રયાસ છે. તેમણે કહ્યુ કે આદિવાસી સમાજમાં ઉભરી રહેલા નેતૃત્વને રોકવા માટે ચૈતર વસાવાને જેલમાં રાખવામાં આવ્યા છે. આ સમગ્ર ઘટનાને તેઓ આદિવાસી સમાજને સજા કરવાના પ્રયાસ તરીકે જુએ છે. ઈટાલીયાએ જણાવ્યુ કે આમ આદમી પાર્ટી કોઈ વિવાદ ઉભો કરવા માંગતી નથી. પરંતુ ન્યાય માટે લોકશાહી અને કાનુની માર્ગે લડત ચાલુ રાખશે.

# સહકાર સપ્તાહ અંતર્ગત ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લી. દ્વારા સીનીયર સીટીઝન્સ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા સહકાર સપ્તાહ ઉજવણી (૨૯ જુન થી ૬ જુલાઈ ૨૦૨૬ ) અંતર્ગત ડીઝીટલ યુગમાં વધી રહેલા સાયબર ગુન્હાઓ અને ઓનલાઈન છેતરપીંડી થી વડીલોને સુરક્ષિત રાખવાના ઉમદા આશય સાથે ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. હિંમતનગર દ્વારા ગઈ કાલે તારીખ ૨ જુલાઈ ૨૦૨૬ ગુરૂવારના રોજ સાંજે ૪ કલાકે એક વિશેષ સાયબર અવેરનેસ (સાયબર જાગૃતિ) કાર્યક્રમનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. મહાવીરનગર સ્થિત ખેડ તસીયા રોડ પર આવેલી દિગંમ્બર જૈન સમાજ વાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં હિંમતનગર શહેર અને આજુબાજુના વિસ્તારમાંથી આશરે ૧૫૦ જેટલા સીનીયર સીટીઝન્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ માન. મનોજ હરચંદાણી એ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી અને સીનીયર સીટીઝન પ્રમુખ ગીરીશભાઈ ત્રિવેદી, શ્રીમાન મધુકર




ખમાર, રીટાયર્ડ સાબરકાંઠા બેંક એસોસીએશન પ્રમુખ તેમજ મુખ્ય વકતા અને વિષય નિષ્ણાંત તરીકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના રીટાયર્ડ મેનેજર અને જાણીતા સાયબર સીકયુરીટી એકસપર્ટ રાજેશભાઈ સુથાર તેમજ બેંકના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજેશભાઈ સુથાર એ વડીલો સમજી શકે તેવી અત્યંત સરળ શૈલી માં અને રસપ્રદ ઉદાહરણ દ્વારા ડીઝીટલ સુરક્ષાની જીણવટભરી માહિતી આપી હતી. ખાસ કરીને તેમણે સાયબર સુરક્ષાની ભાષામાં ગુડ ટચ એન્ડ બેડ ટચ ના વિશિષ્ટ કન્સેપ્ટ દ્વારા વડીલોને સમજાવ્યુ હતુ કે ઈન્ટરનેટ, મોબાઈલ એપ્લીકેશન અને સોશીયલ મીડીયાનો કયો ઉપયોગ આપણા માટે સુરક્ષિત (ગુડ ટચ) છે અને કઈ લીંક, ઓટીપી કે અજાણ્યા ફોન કોલ્સ આપણા બેંક ખાતા માટે જોખમી (બેડ ટચ) સાબિત થઈ શકે છે. રાજેશભાઈ સુથારે એટીએમ કાર્ડ ફ્રોડ, લોટરીના નામે આવતા ફેક મેસેજ અને બેંકના નામે થતી છેતરપીંડીથી બચવા માટે સાવચેતી એ જ સલામતીનો મંત્ર આપ્યો હતો.

કાર્યક્રમના અંતમાં વડીલોના મનમાં ઉઠતી વિવિધ મુંઝવણો અને પ્રશ્નોનુ નિષ્ણાંત દ્વારા ખુબ જ સચોટ સમાધાન કરવામાં આવ્યુ હતું. સાબરકાંઠા ડીસીસી બેંક દ્વારા વડીલોના સન્માનમાં કાર્યક્રમના અંતે સ્વરૂચી ભોજનનુ પણ સુંદર આયોજન કરવામાં આવ્યુ હતું. બેંકના આ પ્રજાભિમુખ અને સામાજિક જવાબદારીના કાર્યને ઉપસ્થિત તમામ સીનીયર સીટીઝને મુકતકંઠે બિરદાવ્યુ હતું અને ડીઝીટલ દુનિયામાં સુરક્ષિત રહેવાનો સંકલ્પ લીધો હતો.

# વડોદરા મહાનગરપાલિકામાં વહિવટી ભુકંપ: ૫ ઉચ્ચ અધિકારીઓએ વીઆરએસ માંગી: કર્મચારીઓની અછત થી તંત્ર પર સંકટ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા મહાનગરપાલિકામાં વહિવટી તંત્ર સામે ગંભીર પડકારો ઉભા થયા છે. એકતરફ અનુભવી અધિકારીઓ દ્વારા સ્વેચ્છિક નિવૃત્તિ માટે અરજીઓ કરવામાં આવી રહી છે. તો બીજી તરફ તાજેતરમાં ભરતી કરાયેલા કર્મચારીઓ પણ નોકરી છોડી રહ્યા હોવાથી પાલિકાની કામગીરી પર સીધી અસર થવાની આશંકા વ્યકત થઈ રહી છે.

શહેરના વિકાસ કાર્યો અને નાગરીકોને મળતી સેવાઓ પર તેની અસર ન પડે તે માટે હવે તંત્ર સામે ઝડપથી નિર્ણાયક પગલા ભરવાનો પડકાર ઉભો થયો છે. મળતી માહિતી મુજબ પાલિકાના ૫ મહત્વના અધિકારીઓએ સ્વૈચ્છિક નિવૃત્તિ માટે સત્તાવાર અરજી કરી છે. તેમાં સામાન્ય વહિવટી વિભાગના ખાતાકીય વડા દેવાંગ ભટ્ટ, રેવન્યુ ઓફીસર મનોજ ક્રિશ્ચયન, વોર્ડ નં. ૧૭ ના અધિકારી મહેશ પટેલ, વોર્ડ નં. ૧૮ ના રેવન્યુ ઓફીસર પ્રકાશ પરમાર અને વોર્ડ નં. ૧૬ ના વોર્ડ તેમજ રેવન્યુ ઓફીસર પરાગ મોદીનો સમાવેશ થાય છે. આ તમામ અધિકારીઓ વિવિધ મહત્વના વહિવટી વિભાગો સંભાળી રહ્યા હોવાથી તેમની નિવૃત્તિની અરજીને ગંભીરતાથી જોવામાં આવી રહી છે. આ અધિકારીઓની અરજીઓ મંજુર થશે તો અનેક વિભાગોમાં કાયમી અધિકારીઓના સ્થાને ઈન્ચાર્જ અધિકારીઓને જવાબદારી સોંપવી પડશે. પરીણામે ફાઈલોના નિકાલ, આવક સંબંધિત કામગીરી, નાગરીકોની અરજીઓના નિકાલ તેમજ અન્ય વહિવટી નિર્ણયો લેવામાં વિલંબ થવાની શકયતા નકારી શકાય તેમ નથી. શહેરના વિકાસ પ્રોજેકટો અને રોજીંદા વહિવટી કામકાજ પર પણ તેની સીધી અસર પડી શકે છે.

વહિવટી સંકટ માત્ર અધિકારીઓ સુધી મર્યાદીત નથી, થોડા સમય અગાઉ પાલિકાએ કરાર આધારીત ધોરણે ૫૫૨ જેટલા કલાર્કોની ભરતી કરી હતી. જો કે આશ્ચર્યજનક રીતે તેમાંના ૨૫૦ થી વધુ કર્મચારીઓએ ટુંકા ગાળામાં જ નોકરી છોડી દીધી હોવાનુ જાણવા મળ્યુ છે. પરીણામે પાલિકામાં માનવબળની ગંભીર અછત સર્જાઈ છે. નવા કર્મચારીઓ લાંબા સમય સુધી નોકરીમાં ટકી શકતા ન હોવાથી વિવિધ શાખાઓમાં કામનો બોજ વધ્યો છે. એક કર્મચારીને એક થી વધુ વિભાગોની જવાબદારી સંભાળવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જેના કારણે દૈનિક વહિવટી પ્રક્રિયાઓ ધીમી પડી રહી હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. પાલિકાના અનુભવી અધિકારીઓ પાસે વરસોના વહિવટી અનુભવ હોય છે. તેઓ માત્ર દૈનિક કામગીરી જ નહી પરંતુ નિતીગત નિર્ણયો, નાણાંકીય વ્યવસ્થાપન, કાનુની પ્રક્રિયા અને વિવિધ વિભાગો વચ્ચે સંકલન જાળવવામાં પણ મહત્વની ભુમિકા ભજવતા હોય છે. જો આ અધિકારીઓ એક સાથે નિવૃત્ત થશે તો તે ખાલી જગ્યાઓ પર તાત્કાલીક ભરવી સરળ નહી બને, નવા અધિકારીઓને કામગીરી સમજવામાં સમય લાગશે. જેના કારણે વિવિધ પ્રોજેકટ અને જાહેર સેવાઓ પ્રભાવિત થવાની શકયતા છે.

પાલિકાના આંતરીક વર્તુળોમાં એવી ચર્ચાઓ ચાલી રહી છે કે વધતો કામનો બોજ, સતત વધતી જવાબદારીઓ અને ઉચ્ચ સ્તરેથી મળતા દબાણના કારણે કેટલાક અધિકારીઓ સ્વેચ્છિક કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યુ નથી. વહિવટી ક્ષેત્ર સાથે સંકળાયેલા વર્તુળોનુ માનવુ છે કે અનુભવી અધિકારીઓ જો સતત તંત્ર છોડતા રહેશે તો તેની અસર માત્ર આંતરીક વહિવટ સુધી સિમિત નહી રહે. પરંતુ નાગરીકોને મળતી સેવાઓ પર પણ જોવા મળશે. વડોદરા શહેરમાં માર્ગો , ડ્રેનેજ, પાણી પુરવઠો, મિલ્કત વેરો, સ્વચ્છતા, શહેરી વિકાસ અને વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનુ અમલીકરણ અને કર્મચારીઓની ઓછી અછત વધુ ગંભીર બનશે તો અનેક યોજનાઓના અમલીકરણમાં વિલંબ થઈ શકે છે. ખાસ કરીને આવક વિભાગ, સામાન્ય વહિવટ અને વોર્ડ કચેરીઓમાં અધિકારીઓની અછત સર્જાશે તો મિલકતવેરા સંબંધિત કામગીરી, મંજુરી પ્રક્રિયા અને નાગરીકોની ફરીયાદોના નિકાલમાં પણ અસર જોવા મળી શકે છે.




શહેરના વિવિધ સામાજિક સંગઠનો અને નાગરીકોનુ માનવુ છે કે આ સ્થિતિનો લાંબા ગાળાનો ઉકેલ માત્ર કાયમી ભરતી થી જ આવી શકે, કરાર આધારીત ભરતીથી તાત્કાલીક રાહત મળે છે. પરંતુ કર્મચારીઓ નોકરી છોડતા રહે તો સમસ્યા યથાવત રહે છે. મ્યુનિસીપલ કમિશ્નર અને રાજય સરકાર આ મુદ્દે ગંભીરતા દાખવી તાત્કાલીક કાયમી ભરતી પ્રક્રિયા શરૂ કરે, જેથી વહિવટી માળખુ વધુ મજબુત બને અને નાગરીકોને મળતી સેવાઓમાં કોઈ વિક્ષેપ ન આવે. વડોદરા મહાનગરપાલિકા માટે હાલની સ્થિતિ એક ચેતવણી સમાન માનવામાં આવી રહી છે. અનુભવી અધિકારીઓની નિવૃત્તિની અરજીઓ અને કર્મચારીઓની સતત ઘટતી સંખ્યાએ વહિવટી વ્યવસ્થા પર પ્રશ્ન ચિન્હ ઉભુ કર્યુ છે. આગામી દિવસોમાં આ અરજીઓ અંગે શું નિર્ણય લેવાય છે અને ખાલી પડનારી જગ્યાઓ કેવી રીતે ભરવામાં આવે છે તેના પર સમગ્ર વહિવટી તંત્રની કાર્યક્ષમતા નિર્ભર હશે. શહેરના હિતને ધ્યાનમાં રાખીને હવે જરૂરી બન્યુ છે કે તંત્ર ઝડપથી યોગ્ય આયોજન કરે, માનવબળની અછત દુર કરે અને વહિવટી વ્યવસ્થાને ફરી મજબુત બનાવે જેથી શહેરના વિકાસ અને નાગરીક સેવાઓ પર કોઈ નકારાત્મક અસર ન પડે.

## રાજકોટ ક્રાઈમ બ્રાન્ચનો સપાટા: ફિરોઝ ફિરીયા ગેંગના ૨૦ સાગરીત સામે ગુજસીટોક દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવા માટે ક્રાઈમ બ્રાન્ચે વધુ એક સપાટો બોલાવ્યો છે. રાજકોટ શહેરમાં સંગઠિત ગુનાખોરી આચરતી વધુ એક ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ કમિશનરની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચે સૌરાષ્ટ્રભરમાં કુખ્યાત એવા દારૂના સપ્લાયર ફિરોઝ ઉર્ફે ફિરીયા સંઘી સહિત તેની ગેંગના કુલ ૨૦ સાગરીતો સામે ગુજસીટોકનો ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું છે.

આ ગેંગ માત્ર દારૂની હેરાફેરી પૂરતી મર્યાદિત ન હતી, પરંતુ શહેરમાં આતંક ફેલાવવાનું અને સંગઠિત ગુનાઓ કરવાનું કામ કરતી હતી. ફિરોઝ સંઘી અને તેની ગેંગ સામે પ્રોહિબિશન, હત્યાની કોશિશ, તેમજ આર્મ્સ એક્ટ જેવા અનેક ગંભીર ગુનાઓ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા છે. આ ગેંગ સંગઠિત થઈને આખું ગુનાહિત સામ્રાજ્ય ચલાવતી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# સુરતના નાસીરનગર ડીમોલેશન કેસમાં હાઈકોર્ટે વિસ્થાપિતોના હિતમાં આપ્યો ચુકાદો: વિસ્થાપિતોએ ફટાકડા ફોડી કરી ઉજવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના નાસીરનગર ડીમોલેશન મામલે ગુજરાત હાઈકોર્ટે મહત્વનો આદેશ આપતા વિસ્થાપિત પરીવારોને મોટી રાહત આપી છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે જયાં પહેલા મકાનો હતા ત્યાં ફરીથી મકાનો બનાવી આપવામાં આવે અથવા તો અસરગ્રસ્ત પરીવારો માટે વૈકલ્પિક રહેવાની વ્યવસ્થા તાત્કાલીક કરવામાં આવે. હાઈકોર્ટના આ આદેશ બાદ છેલ્લા એક મહિનાથી આશ્રયસ્થળ માં રહેતા પરીવારોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

કોર્ટના આદેશના સમાચાર મળતા જ કોમ્યુનીટી હોલમાં આશરો લઈ રહેલા વિસ્થાપિતોએ ફટાકડા ફોડીને પોતાની ખુશી વ્યકત કરી હતી. નાના બાળકોથી લઈને મહિલાઓ અને વૃધ્ધો સૌ કોઈ આ ઉજવણીમાં જોડાયા હતા. આ લડતને સફળ બનાવનાર એડવોકેટ ધવલ રાણા અને તેમની કાયદાકીય ટીમને લોકોએ ઉમળકાભેર વધાવી લીધી હતી. દરેક સુનાવણીમાં મકકમતાથી પુરાવા રજુ કરનાર વકીલોની ટીમને લોકો તરફથી અભુતપુર્વ સમર્થન અને આભાર મળ્યો હતો. હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન અને રાજય સરકારની કામગીરી સામે કોર્ટે ભારે નારાજગી વ્યકત કરી હતી. કોર્ટે ડીમોલેશનની કાર્યવાહીને ગેરકાયદે ગણાવીને તંત્રને અનેક તીક્ષ્ણ સવાલો કર્યા હતા. કોર્ટે પુછયુ હતુ કે આ ડીમોલેશન કોના કહેવાથી થયું ? કોઈ જવાબદાર અધિકારીના આદેશ વગર આટલુ મોટુ ડીમોલેશન શકય જ નથી. તેમણે ઉમેર્યુ હતુ કે પોલીસે આ ઘટનામાં કેમ ફરીયાદ ન લીધી ? ડીમોલેશન માટેની વાત હતી તો ડીમોલેશન કઈ રીતે થયું ? સ્થળ પર હાજર હોવા છતાં પોલીસ કેમ એકિટવ ન હતી ? અધિકારીઓને માત્ર સસ્પેન્ડ કરવા એ કોઈ નિષ્કર્ષ નથી. કોર્ટે સ્પષ્ટ કહ્યુ કે આ મામલે કડક કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. કોર્ટે નોધ્યુ કે આ એક માત્ર કિસ્સો હોય તેવુ નકારી શકાય નહી, એક મહિના સુધી ફરીયાદ ન લેવાવી એ તંત્રની ગંભીર બેદરકારી દર્શાવે છે.

ગુજરાત હાઈકોર્ટે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વધુ સુનાવણી ૯ જુલાઈના રોજ નકકી કરી છે. આગામી સુનાવણીમાં કોર્ટે મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા છે. જેમાં




કહેવામાં આવ્યુ છે કે સુરત મ્યુનિસીપલ કમિશ્નરે ડીમોલેશનના તથ્યો અને ઘટના અંગે વ્યકિતગત એફીડેવીટ જમા કરાવવી પડશે. વિસ્થાપિતોને કયાં અને કેવી વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવી, તેનો સંપૂર્ણ અહેવાલ રજુ કરવો પડશે. ઘટનાસ્થળે પ્રથમ પહોચનાર પોલીસ, પોલીસને કોલ કરનાર સ્થાનિક વ્યકિત, ટોરેન્ટ પાવરને કોલ કરનાર વ્યકિત સહિતની તમામ વિગતોની ઉંડાણપૂર્વક તપાસ કરી રીપોર્ટ સોંપવા જણાવ્યુ છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે કે પોલીસ, સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન અને અન્ય સંલગ્ન વિભાગોની કામગીરી શંકાસ્પદ છે અને આ ગેરકાયદેસર ડીમોલેશન મામલે હવે ઉંડાણપૂર્વકની તપાસ અનિવાર્ય છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
## ધ સેમિકંડક્ટર હબ

**સેમિકંડક્ટર ઉદ્યોગ બન્યાં સાણંદની આગવી ઓળખ**



## સેમિકંડક્ટર ક્ષેત્રે ગુજરાતે સર્જ્યો ઈતિહાસ



- સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે **₹1.24 લાખ કરોડ**નું રોકાણ આકર્ષિત કર્યું છે
- રાજ્યમાં **50,000**થી વધુ **પ્રત્યક્ષ** અને **પરોક્ષ** રોજગારીની તકો ઊભી થશે
- દેશમાં સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર પ્રથમ રાજ્ય બન્યું **ગુજરાત**
- **ધોલેરા SIR**માં 28 નેનોમીટરની ચિપ્સના ઉત્પાદનથી ભારતને નવી ઔદ્યોગિક ઓળખ મળશે
- ધોલેરા **'સેમિકંડક્ટર-રેડી'** સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત થશે
- IIT ગાંધીનગર ખાતે **₹194.21 કરોડ**ના ખર્ચે કાર્યરત **'SAMARTH'** પ્રોજેક્ટ હેઠળ આગામી **5 વર્ષમાં 2,600થી વધુ નિષ્ણાત એન્જિનિયરો** તૈયાર થશે

માનનીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે; સાણંદ હવે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ નૂતન ભારતના **'સેમિકંડક્ટર સેક્ટર'**નો પર્યાય બનવા જઈ રહ્યું છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## સુરતના જાણીતા લોકપ્રિય રાજુ મહારાજને બેસ્ટ જ્યોતિષાચાર્યનો દિલ્હી ખાતે એવોર્ડ મળતા સગા સંબંધીઓ, મિત્રો અને સેવકોમાં આનંદની લહેર

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના જાણીતા લોકપ્રિય જ્યોતિષાચાર્ય રાજુ મહારાજને દેશના પાટનગર નવી દિલ્હી ખાતે બેસ્ટ જ્યોતિષાચાર્યનો એવોર્ડ આપવામાં આવેલ છે.




સુરત અને ગુજરાત અને મહારાષ્ટ્ર અને જુદા જુદા શહેરોમાં અનેક શિષ્યો ધરાવતા રાજુ મહારાજ જ્યોતિષશાસ્ત્રમાં નિપૂણ છે. તેઓની સલાહ અને માર્ગદર્શનથી અનેક પરિવારો સુખભેર જિંદગી જીવી રહ્યા છે.

શાંત અને સરળ સ્વભાવ વાળા રાજુ મહારાજને મળતા લોકોમાં આનંદ અને ઉત્સાહ વધી જાય છે. તેઓના માર્ગદર્શન અને જ્યોતિષશાસ્ત્રના પ્રતાપે લોકોના દુઃખ દર્દ મટી જાય છે. તેઓને બેસ્ટ જ્યોતિષાચાર્ય તરીકેનો એવોર્ડ મળતા ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રમુખ જાણીતા સામાજિક કાર્યકર ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપપ્રમુખ છગનલાલ મેવાડા, મહામંત્રી સઈદુદ્દીન શેખ, મહામંત્રી કાંતિભાઈ સોલંકી, મહામંત્રી શ્યામભાઈ ટેનિયા, મહામંત્રી રવિ કુમાર સુરતી, કાર્યકારી પ્રમુખ હસમુખભાઈ પટેલ, એડવોકેટ અને ઉદ્યોગપતિ ડી.સી સોલંકી ( અંકલેશ્વર), એડવોકેટ બીપીનભાઈ રાઠોડ (નવસારી), એડવોકેટ અને નોટરી અશ્વિનભાઈ વૈષ્ણવ, એડવોકેટ મહેન્દ્ર સોલંકી વિગેરે જ્યોતિષ શ્રી રાજુ મહારાજને બેસ્ટ જ્યોતિષાચાર્ય નો એવોર્ડ મળવા બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવી છે. ટૂંક સમયમાં રાજુ મહારાજની અનુકૂળતા મુજબ સુરત ખાતે સન્માન સમારંભ યોજવામાં આવશે.

## સુરત શહેર પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર, ટોરેન્ટ પાવર સહિત બિલ્ડર સામે FIR દાખલ કરો

(છગનલાલ મેવાડા ધ્વારા)

પોલીસ બંદોબસ્ત માટેની અરજી પોલીસ કમિશનર સુધી મંજૂરી માટે જાય છે ત્યારે નાસીર નગર ડિમોલિશનની બંદોબસ્તની ફાઈલ પોલીસ કમિશનર સુધી પહોંચી કે નહીં? સામાન્ય રીતે ડિમોલિશનના જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાંથી પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવે છે. તો નાસીર નગર માટે SOG નો સ્પેશિયલ બંદોબસ્ત કેમ? ખરેખર મહાનગરપાલિકા કમિશનર અજાણ હતા તો પછી ખોટા નિવેદનો કેમ આપ્યા? સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ મ્યુનિસિપલ કમિશનરની કે ઝોન ચીફની મંજૂરી વગર દોડી જાય એ એટલા મૂર્ખ તો નથી જ.

### નાસીર નગરના ભુતિયા ડિમોલિશન મામલે

## સુરત મહાનગરપાલિકા દ્વારા કુલડીમાં ગોળ ભાંગવા સાથે મગરમચ્છોને સેફ ઝોનમાં મૂકીને પ્રજાની આંખમાં ધૂળ નાંખવાનું ષડયંત્ર?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના નાસીનગરમાં થયેલા ભુતિયા ડિમોલિશનનો મામલો હવે જ્યારે ટોક ઓફ ધ ટાઉન બનીને ચર્ચાસ્પદ બની રહ્યો છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત હાઈકોર્ટની આંખોમાં ધૂળ નાંખવાની મેલી મુરાદનો પર્દાફાશ થઈ રહ્યો છે. અને સૌથી મહત્વનો એક સવાલ એ ઉભો થઈ રહ્યો છે કે, જે ડિમોલિશન કરાયું હતું એ કોના આદેશોથી કરાયું હતું? એનો આજ દિન સુધી કોઈ યોગ્ય અને સચોટ જવાબ SMC અધિકારીઓ કે પોલીસ ખાતાના કોઈ ઉચ્ચ અધિકારીઓ આપી શક્યા નથી.

ત્યારે સૌ પ્રથમ સવાલ થાય કે લશ્કર ને ક્યાં લડવા મોકલવુ? એ સેનાપતિએ નક્કી કરવાનું હોય છે નહીં કે લશ્કરે? ત્યારે શું સેનાપતિની આજ્ઞા કે પરમિશન વગર કોઈ લશ્કર ક્યારેય દુશ્મન રાજ્ય ઉપર હુમલો કરી શકે નહીં. ત્યારે અહીં તો સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને ખબર જ નથી કે વેડરોડ નાસીર નગર નામના સુરતના એક વિસ્તારમાં ૧૫૦ ઉપરાંત કાચા પાકા મકાનો તોડીને રહેવાસીઓને રઝળતા કરાયા છે? એવી એફિડેવીટ ગુજરાત હાઈકોર્ટમાં મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, મારી જાણ બહાર આ ડિમોલિશન કરાયું છે.

એવું જ પોલીસના ઉચ્ચ અધિકારી એટલે કે શહેર પોલીસ કમિશનરને ખબર જ નથી એમની સાથે સીધી રીતે સંકળાયેલી અને પોલીસ કમિશનરની સૂચના વગર આગળ પગલું નહીં ભરી શકતી એવી SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ના DCP નકુમ ખુદ જાતે ઊભા રહી રહીશોને ઘરની બહાર નીકળવાની સૂચના આપી ડિમોલિશન કરનારાઓને પ્રોટેક્શન આપી હતી. એવી આ ડિમોલિશન ના મામલે હવે એટલી હદે પેચીદો બની રહ્યો છે કે રાજ્ય સરકાર માં બેઠેલા ખંધા નેતાઓએ તાત્કાલિક ધોરણે એમના વહાલા અને ગુડ બુકમાં નામ ધરાવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓને બચાવવાના પેંતરા ના ભાગરૂપે હાઈકોર્ટમાં હાજર થવાની તારીખો પહેલા શહેર પોલીસ કમિશનરની અમદાવાદ ખાતે બદલી કરાઈ તો વળી DCP નકુમને એકાએક IPS અધિકારી બનાવીને આ બેજવાબદાર અધિકારીઓને બઢતી સાથે બદલી કરી નંખાઈ ને ગરીબોના ગાલ પર તમાચો મારવાનું "પાપ" રાજ્ય સરકારે કર્યું છે.

આ મોટા મગરમચ્છો ને બચાવવા સુરત મહાનગરપાલિકાના જે પાંચ કર્મીઓને સસ્પેન્ડ કરાયા છે એ પણ એટલા જ જવાબદાર છે કે જેઓ એ આજ સુધી મગનું નામ મરી નહીં પાડી ને સાચા ખેલાડી નો પર્દાફાશ નથી કર્યો. સમગ્ર ભૂતિયા ડીમોલીશનની જે રીતે કામગીરી કરવામાં આવી છે એ જોતા બિલ્ડર, ટોરેન્ટ પાવર, SMC અને પોલીસ એમ ચંડાળ ચોકડીએ ભેગા થઈને ભજવેલી ભૂતિયા ડિમોલિશનની કામગીરીને કારણે આજે ૧૫૦ પરિવારો સામા ચોમાસા એ રોડ ઉપર આવી ગયા છે.

આ સમગ્ર ઘટનામાં માત્રને માત્ર ગોળ ગોળ વાત જ કરાઈ છે. કોઈ નક્કર કે સ્પષ્ટ બાબત નથી. શહેર પોલીસ કમિશનર કે નથી મહાનગરપાલિકા કમિશનર રજૂ કરી રહ્યા એથી મામલો વધુ ગૂંચવાયેલો છે. જ્યાં કોઈ કહેતા કોઈ એ બાર દિવસ સુધી જવાબદારી લેવાની હિંમત રાખી જ નહીં અને આખરે સીટ નીચે રેલો આવતા વાહિયાત બચાવ કરી જાહેર જનતાની આંખમાં ધૂળ નાખવાના નાટકો શરૂ થઈ રહ્યા છે.

બીજી એક મહત્વની બાબત એ છે કે ડિમોલિશન થયું તે વિસ્તાર કયા ઝોનમાં આવે છે? ઉત્તર કે મધ્ય ઝોનમાં એ પણ ખુલાસો રાજ્ય સરકાર કરી શકી નથી. હાલમાં તો સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓ તો ઘેર આરામ કરશે. અને તપાસ વર્ષો સુધી ચાલશે. એટલું જ નહીં સુરત મહાનગરપાલિકાના કેટલાક અધિકારીઓએ એકલા આવું કર્યું હોય એ માની શકાય તેમજ નથી. આ સમગ્ર કૌભાંડમાં સુરત મહાનગરપાલિકાના કમિશનર કરતા પણ ઉચ્ચ લેવલના અધિકારી મારફતે તપાસની જરૂર જણાય છે ત્યારે જ ખરા ખેલાડીઓનો પર્દાફાશ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે જે પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે એમણે એક મહિના દરમિયાન જણાવ્યું હતું કે અમે ઉપરી અધિકારીનું નામ બતાવીશું પરંતુ કોઈ અગમ્ય કારણોસર એમણે નામ ના બતાવ્યું. કારણ કે ઉપરી અધિકારી સુધી પરસેવો છૂટી રહ્યો હતો. અને એને કારણે જ ત્રણ ત્રણ વખત એમનો સસ્પેન્શન રોકાઈ ગયું હતું કારણ કે ઉપરી અધિકારીઓ સુધી બધાને જ મોટા પ્રોબ્લેમ ઊભો થઈ રહ્યા હતા.

કારણ કે સામાન્ય રીતે ડિમોલિશન સમયે જે તે પોલીસ સ્ટેશનની હદમાં ડિમોલિશન કરવાનો હોય એ પોલીસ સ્ટેશનના અધિકારીનો સ્ટાફ બંદોબસ્તમાં રહેતો હોય છે. એને બદલે SOG ના DCP જાતે જ ઉભા રહી ડિમોલિશન કરાવે એ જ બતાવે છે કે આમાં બિલ્ડર લોબી, ટોરેન્ટ પાવર અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને સુરત મહાનગરપાલિકાના મોટા માથાઓના ઈશારે કરાયેલા આ ડિમોલિશનમાં જોવાની ખૂબી એ છે કે હજુ સુધી કોઈ બિલ્ડર કે ટોરેન્ટ પાવરના કોઈ વ્યક્તિ ઉપર કોઈ કાયદેસર કાર્યવાહી કરવામાં નથી આવી. આવી એ જ બતાવે છે કે નીચેના અધિકારીઓને બલિના બકરા બનાવી મોટા મગરમચ્છો ને બચાવવાના ખેલના ભાગરૂપે રાતોરાત પોલીસ કમિશનરની બદલી અને બહુ ગાજેલા DCP નકુમને IPS અધિકારીનો હોદ્દો એ થોડામાં ઘણું બધું કહી જાય છે ત્યારે હવે જોવાનું એ છે કે આવનારા સમયમાં આ કેસમાં કોનો પર્દાફાશ થાય છે એ જ જોવું રહ્યું.

## અમદાવાદમાં ભદ્ર કોર્ટનો આસી.કલાર્ક રૂ.૧૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદની ભદ્ર કોર્ટમાં ફરજ બજાવતો આસી. કલાર્ક એસીબીના શંકાજામાં આવી ગયો છે. ન્યાયમંદિરમાં જ ભ્રષ્ટાચારનો આ ખેલ પ્રકાશમાં આવતા કાનુની આલમમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.


એક જાગૃત નાગરીકની ફરીયાદના આધારે એસીબીની ટીમે નારણપુરા વિસ્તારમાં સફળ ટ્રેપ ગોઠવીને આ લાંચીયા કર્મચારીને દબોચી લીધો છે. મળતી માહિતી મુજબ ભદ્ર કોર્ટના આ આસી. કલાર્કે અરજદારના પક્ષમાં કાનુની કેસનો ચુકાદો અપાવવા અને જરૂરી વહિવટી પ્રક્રિયા ઝડપી કરવા માટે રૂપીયા ૧૦ હજારની લાંચની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે તાત્કાલીક એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરીયાદના આધારે એસીબીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ નારણપુરા ખાતે એક ચોકકસ વ્યુહ રચના સાથે છટકુ ગોઠવવામાં આવ્યુ હતું. જેવી કલાર્કે લાંચની રકમ સ્વીકારી કે તુરંત જ સંતાઈને બેઠેલી એસીબીની ટીમે તેને રંગે હાથ ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે એસીબીની કડક લાલઆંખ હોવાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે.

## જંત્રીને બદલે હવે બજાર ભાવના બમણા દરે વળતર ચૂકવાશે

# ગુજરાત સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણય વીજ ટાવર અને લાઇન વળતરમાં માતબર વધારો

### ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો, 765 કે.વી. લાઇનમાં 625 ચોમીના બદલે 729 ચોમીનું વળતર ચુકવાશે





## જમીનની વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવા 'માર્કેટ રેટ કમિટી' (MRC)ની રચના થશે: ખેડૂત પ્રતિનિધિઓને મળશે સ્થાન



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી, ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિક ભાઇ વેકરીયાએ ખેડૂતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાર નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે. ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઈન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઈન નાખવા માટે ખેડૂતોને જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરત્વે વિવિધ ખેડુત સંગઠનો તરફથી મળતી રજુઆતો અન્વયે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને, જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ (Market Rate)ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હીત લક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. ઉદાહરણ તરીકે; ૭૬૫ કે. વી. લાઈનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચૂકવવામાં આવશે. અગાઉ જમીનમાલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઈરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડ્યા બાદ ૨૦% રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીનમાલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે. ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર. સી. (Market Rate Committee)ની રચના કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડુતોના પ્રતિનિધિ અને ખેડુતોના ઓથોરાઈઝ્ડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય. માર્કેટ રેટ નિર્ધારણ કરવાની સમિતિમાં કલેક્ટરશ્રી, જમીનમાલિકોના પ્રતિનિધિ અને ટ્રાન્સમીશન સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિ પણ હશે. બીજી તરફ, વીજ લાઈનના રાઈટ ઓફ વે કોરિડોર માટે એમ.આર.સી દ્વારા નિર્ધારીત થયેલ બજાર કિંમતના આધારે વિસ્તાર મુજબ વળતર અપાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના 30%, નગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૬0% મુજબ વળતર આપવામાં આવશે. રાજ્ય સરકારે આ નિર્ણયમાં ઉદારતા દાખવતા સ્પષ્ટ કર્યું છે કે, જે ખેડૂતોએ અગાઉ જૂના ભાવ પ્રમાણે વળતર મેળવી લીધું હોય, પરંતુ વીજ લાઈનનું કામ હજી પ્રગતિમાં (ચાલુ) હોય, તેવા તમામ ખેડૂતોને આ નીતિ નો લાભ મળવાપાત્ર રહેશે.

**Example 1**

| | ગુજરાત સરકારના ઠરાવ તા: ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૩૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | **DLVC** દર મુજબ (ટાવર માટે - રૂ. ૯૭૯ પ્રતિ ચો.મી.) (ROW કોરીડોર માટે - રૂ. ૭૬૧ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી **(MRC)** મુજબ (રૂ. ૧૮૫૩.૨૯ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૬.૧૧ લાખ (૬૨૫ ચાં મીં) | ૨૭.૦૨ લાખ (૭૨૯ ચાં મીં) |
| RoW કોરીડોર | ૧૨.૭૪ લાખ (૨૫% ROW) | ૩૭.૨૫ લાખ (૩૦% ROW) |

**Example 2**

| | ગુજરાત સરકારના ઠરાવ તા: ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૨૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | **DLVC** દર મુજબ (ટાવર અને RoW કોરીડોર માટે - રૂ. ૩૮૨ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી **(MRC)** મુજબ (રૂ. ૧૨૩૫.૫૩ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૨.૩૮ લાખ (૬૨૫ ચાં મીં) | ૧૮.૦૦ લાખ (૭૨૯ ચાં મીં) |
| RoW કોરીડોર | ૬.૩૯ લાખ (૨૫% ROW) | ૨૪.૮૩ લાખ (૩૦% ROW) |

### અગાઉ ત્રણ તબક્કામાં ચુકવણા ના બદલે એકી સાથે શરૂઆતમાં જ 100 % ચુકવણું